ગાંધીનગર સમાચાર

ઠપકો આપવા બદલ ત્રણ શખ્સોનો વિદ્યાર્થીનીના પિતા પર જીવલેણ હુમલો

# સે-૨૮માં મોડી રાત્રે આગ



## ઓઈલ પેન્ટની દુકાનમાં આગથી લાખોનું નુકશાન : ફાયર બ્રિગેડના જવાનોએ દોઢ કલાકની જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરના ઘ-૬ થી ગ-૬ તરફ જવાના માર્ગ પર સેકટર-૨૮ સ્થિત શોંપીગ કોમ્પલેક્ષની બે દુકાનમાં ગત્ મોડી રાતના સુમારે અચાનક આગ ભભુકી ઉઠી હતી. દુકાનમાં આગ લાગતા ધુમાડાના ગોટે ગોટા ઉઠતા આસપાસના રહીશો અને નાગરીકો મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા. બનાવની જાણ ફાયર બ્રિગેડને થતા તુરંત ઘટના સ્થળે પહોંચીને પાણીનો મારો ચલાવીને દોઢ કલાકની જહેમત બાદ ફાયર જવાનોએ આગ પર કાબુ મેળવ્યો હતો. આ આગને પગલે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા આગને પગલે કલરની દુકાનમાં અંદાજીત રૂ.૧૦ લાખનું તો સ્પેર પાર્ટસની દુકાનમાં અંદાજે રૂ.૨૫ લાખનું નુકશાન થયુ હોવાનું જાણવા મળ્યું છે.

ગાંધીનગર શહેરના સેકટર-૨૮ આરાધના સ્કુલની બાજુમાં આવેલ કોમ્પલેક્ષમાં ગત મોડી રાતના સમયે પ્લોટ નંબર-૨૫૯/૨ ખાતે કાર્યરત દ્વારકેશ ટ્રેડર્સ નામની દુકાન આવેલી છે. આ દુકાનના માલિક અમદાવાદ ખાતે રહેતા ભાર્ગવ કાપડીયા છે. જયારે આ દુકાનમાં પાર્ટીશન પાડીને ઓમ સાંઈ ટ્રેડર્સના નામે ઓટો પાર્ટસનું પણ વેચાણ કાર્ય થતુ હતું. જેના માલિક અનિલભાઈ નાયર છે. જયારે અનિલભાઈને આગની જાણ થતા તેઓ દુકાનનું શટર ખોલવા ગયા હતા. જેને પગલે તેઓનો હાથ દાઝી ગયો હતો. આગ એટલી ભયાનક હતી કે તેના ગોટેગોટા દુર સુધી દેખાતા આસપાસના રહીશો પણ બહાર દોડી આવ્યા હતા. આગને પગલે મોટી સંખ્યામાં માર્ગ પર નગરજનો એકત્ર થતા ટ્રાફિક જામની સમસ્યા સર્જાઈ હતી. ઘટનાની જાણ ફાયર બ્રિગેડને થતા તાત્કાલીક ચીફ ફાયર ઓફિસર મહેશ મોડ પોતાની ટીમ સાથે દોડી જઈને પાણીનો મારો ચલાવીને દોઢ કલાક બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. આગ કયાં કારણોસર લાગી તેનું ચોકકસ કારણ જાણી શકાયું નથી. આગને કાબુમાં કરવા ત્રણ ટેન્કર પાણીનો મારો ચલાવવો પડ્યો હતો. આગને પગલે દુકાનદારોને લાખો રૂપીયાનું નુકશાન થયુ હોવાનું જાણવા મળ્યું છે.



# ઠપકો આપવા બદલ ત્રણ શખ્સોનો વિદ્યાર્થીનીના પિતા પર જીવલેણ હુમલો

ગાંધીનગર, તા.૨૨

શહેરના સેકટર-૭ ખાતેની એક શાળામાં અભ્યાસ કરતી સગીર વયની વિદ્યાર્થીનીને અવર જવર દરમિયાન કેટલાક તત્વો હેરાન-પરેશાન કરતા હતા. વિદ્યાર્થીનીએ પિતાને ફરિયાદ કરતાં તેણીના પિતા તે તત્વોના ઘરે વાલીને ફરિયાદ કરવા ગયા હતા. તત્વોને લાગી આવતા મોડી સાંજે હથિયારો લઈને ગાડીમાં વિદ્યાર્થીનીના ઘરે પહોંચી ગયા હતા અને તેણીના પિતા પર જીવલેણ હુમલો કરી ભાગી ગયા હતા. વિદ્યાર્થીનીના પિતા હોસ્પિટલાઈઝડ છે અને તેણીના દાદાએ પોલીસ મથકમાં ફરિયાદ આપતા સે-૭ પોલીસે ત્રણ તત્વો સામે જાનથી મારી નાંખવાની કોશિષ બદલ ગુનો નોંધી ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

**સે-૭ની શાળામાં અભ્યાસ કરતી સગીર દિકરીને કેટલાક શખ્સો હેરાન કરતા હતા : પિતાએ તે શખ્સોના વાલીને ફરિયાદ કરતા સાંજે ત્રણ શખ્સોએ સગીરાના ઘરે જઈ હુમલો કરતા પોલીસ ફરિયાદ**

મળતી માહિતી મુજબ સેકટર-૭ની ખાનગી શાળામાં અભ્યાસ કરતી શહેરની એક સગીર વયની વિદ્યાર્થીનીને શાળાએથી ઘરે અવર જવર કરતી વખતે કેટલાક શખ્સો રસ્તામાં હેરાન પરેશાન કરતા હતા. કંટાળીને આખરે આ તત્વોની જાણ વિદ્યાર્થીનીએ તેણીના પિતાને કરી હતી. મુખ્ય સુત્રધાર શખ્સ હતો તે શાહીલ મહેશ ચાવડાના ઘરે વિદ્યાર્થીનીના પિતા ગઈ કાલે ગયા હતા અને શાહીલના પિતાને તેમણે દિકરાની ફરિયાદ કરી હતી. સાંજે શાહીલને ઘરેથી વ્યવસ્થિત ઠપકો મળ્યો હતો એટલે લાગી આવ્યું હતું. મોડી સાંજે ગાડી લઈને શાહીલ તથા અન્ય બે મિત્રો પપ્પુ ઉર્ફે હર્ષ અને ભરત મળીને લાકડીઓ તથા કટર જેવું હથિયાર લઈને વિદ્યાર્થીનીના ઘરે પહોંચી ગયા હતા. વિદ્યાર્થીનીના પિતા પર શાહીલે જીવલેણ હુમલો કરી કટરના ગળે અને કાને ઘા ઝીંકી દીધા હતા. ગંભીર હાલતમાં તેમને સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા જયારે શાહીલ તથા તેના મિત્રો ફરાર થઈ ગયા હતા. આ ઘટના અંગે વિદ્યાર્થીનીના દાદાએ સે-૭ પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે આઈપીસી ૩૦૭ અને ૧૧૪ હેઠળ ત્રણેય તત્વો સામે ગુનો નોંધી ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## ટવેરા ગાડીમાં મધરાત્રે દારૂના નશામાં ફરતાં બે શખ્સો ઝડપાયા

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર નજીક કુડાસણ પાસે ગઈ મોડી રાત્રે ઈન્ફોસીટી પોલીસ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન જીજે ૧૮ બી.એ. ૧૯૯૮ નંબરની ટવેરા ગાડી કંસાર હોટલ નજીકથી પસાર થઈ રહી હતી અનો આડી અવડી ચલાવાઈ રહી હતી. પોલીસે ગાડી ઉભી રખાવી તપાસ કરતાં તેમા સવાર બંને શખ્સો દારૂના નશામાં હતાં. તારાપુરના સંજય રમણ ઠાકોર અને કુડાસણના જગદીશ બળદેવ ઠાકોર બંને શખ્સોની ઈન્ફોસીટી પોલીસે ધરપકડ કરી લઈ પ્રોહીબીશનનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સે-૧૩ ખાતે નિઃશુલ્ક કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેર સે-૧૩ સ્થિત વસાહત ખાતે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ગાંધીનગરના સંયુકત ઉપક્રમે



મફત કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એડવોકેટ પ્રશાંત રાવલ, પીએલવી જયરામભાઈ સોની, નટુભાઈ પટેલ, સીતારામભાઈ પટેલ, સહિત વસાહતના અગ્રણી આગેવાન બાબરભાઈએ હાજર રહીને માર્ગદર્શન પુરું પાડયું હતું.

આ શિબિરમાં અસંગઠીત ક્ષેત્રના કામદારો જેમાં કડીયા, સુથાર, લુહાર, વેલ્ડર, વાયરમેન, શાકભાજી, કટલરી, ફ્રુટ સહિતની ચીજવસ્તુ વેચનાર ફેરીયા, ઘરઘાટી જેવા વિવિધ વ્યવસાયિકોને સરકાર દ્વારા મળતા વિવિધ પ્રકારના યોજનાકીય લાભોની જાણકારી આપવામાં આવી હતી. આ લાભો મેળવવા યુ.વિન કાર્ડ, ઓળખકાર્ડ મેળવવાની સમજ આપવામાં આવી હતી. આ ઉપરાંત સ્ત્રી ભૃણ હત્યા, બેટી બચાવો, બેટી પઢાવો, મહિલા સશકિતકરણ, કન્યા કેળવણી અંગેની યોજનાઓની સમજ આપવામાં આવી હતી. વ્યસનમુકિત કાયદો તથા વ્યસનથી થતા નુકશાન અંગે અવગત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મોટી સંખ્યામાં નાગરિકો હાજર રહ્યા હતા.

## @ગાંધીનગર

● ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી સે-૨૦ ખાતે સવારે ૧૦.૦૦ કલાકે શિશુપરામર્શ કેન્દ્રનો શુભારંભ થશે.

● કૃષ્ણ ભજન મંડળ દ્વારા સે-૨-એ પ્લોટ નં. ૩૫/૨ નિરુબેન પટેલના નિવાસસ્થાને બપોરે ૩ થી ૫ કલાક દરમિયાન ભજનનો કાર્યક્રમ યોજાશે.

● બહુચર મંડળ દ્વારા સવિતાબેન વાણીયાના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૧૦૭/૧, સે-૩-ડી ખાતે સવારે ૧૧ થી ૨ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.



ગાંધીનગરના સેકટર-૩-સીના રીંગ રોડ પરના કોમન ચોક ખાતે રવિવારે સવારે આશીકે રસુલ સુન્ની મુસ્લિમ ટ્રસ્ટ દ્વારા 'જશ્ને ગૌષે આજમ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જશ્ને ગ્યારવી શરીફનો જલસો મનાવવા સાથે શહેરના પેશ ઈમામે તકરીર ફરમાવી હતી. આ પ્રસંગે મુસ્લિમ બિરાદરોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આમ નિયાઝનો લ્હાવો ઉઠાવ્યો હતો.

## ગાંધીનગર શહેર શ્રીમાળી સોની સમાજનું વાર્ષિક સ્નેહ સંમેલન યોજાશે

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરમાં વસવાટ કરતા શ્રીમાળી સોની સમાજનું વાર્ષિક સ્નેહ સંમેલન તા. ૫-૨-૨૦૧૭ના રોજ બપોરે ૩.૦૦ કલાકે ડૉ. આંબેડકર હોલ, સે-૧૨ ખાતે યોજાનાર છે. જેમાં જ્ઞાતિના બાળકોને શૈક્ષણિક ક્ષેત્રે પ્રોત્સાહિત કરવામાં આવશે. આ સંમેલનમાં ચિત્ર સ્પર્ધા અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સોનીકામ (ઘાટકામ) કરનારા કારીગરોને આર્ટીજન કાર્ડ મેળવવા અરજી ફોર્મ ભરી કાર્ડ મેળવવા માર્ગદર્શન પુરું પાડવામાં આવનાર છે. જેમાં સર્વે જ્ઞાતિજનોને ઉપસ્થિત રહેવા સમાજના પ્રમુખ વસંતભાઈ સોની દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# સે-૨ના સરકારી દવાખાનાને પણ તસ્કરોએ ન છોડયું...!

## સાંજે પ્રાઈમરી હેલ્થ સેન્ટરનું તાળુ તોડી તસ્કરોએ ચોરીનો પ્રયાસ કર્યો : તસ્કરોને હાથ કાંઈ ન લાગ્યું

ગાંધીનગર, તા.૨૨

શહેરમાં સ્થિત સરકારી દવાખાનાને પણ તસ્કરોએ હવે છોડયું નથી. દવાખાનામાંથી તસ્કરોએ શું ચોરી કરવું હશે? આ એક પ્રશ્ન પોલીસને પણ સતાવી રહ્યો છે. ગઈ મોડી સાંજે તસ્કરોએ સેકટર-૨માં આવેલા અર્બન પ્રાઈમરી હેલ્થ સેન્ટરનું તાળુ તોડી અંદર કેબીનો ફંફોસી હતી. જો કે કાંઈ કિંમતી ચીજવસ્તુઓ હાથે ન લાગતા સરકી ગયા હતા. ઘટના અંગે દવાખાનાના ડોકટરને જાણ થતાં સ્થળ પર આવી ગયા હતા અને પોલીસને બોલાવી લીધી હતી. ડોકટરની ફરિયાદને આધારે સે-૭ પોલીસે ઘરફોડના પ્રયાસ અંગે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

સેકટર-૨ ખાતે આવેલા અર્બન પ્રાઈમરી હેલ્થ સેન્ટર (સરકારી દવાખાના)માં ડૉ. સુચી ગોવિંદભાઈ પટેલ મેડીકલ ઓફિસર તરીકે સેવા આપે છે. ગઈ સાંજે દવાખાનાનો સમય પુર્ણ થયા બાદ તાળું મારી ડોકટર ઘરે ગયા હતા. મોડી સાંજે એક વ્યકિત ત્યાં વાહન પાર્ક કરવા પહોંચ્યા અને દવાખાનાના દરવાજા તરફ નજર પડી તો તાળુ તુટલું જોયું હતું. ડોકટરના ડ્રાઈવરને તે ભાઈએ ફોન કરી તુટેલા તાળા વિશે જાણ કરતા ડ્રાઈવર અને ડોકટર બંને દવાખાને આવી ગયા હતા અને પોલીસ પણ બોલાવી લીધી હતી. દવાખાનામાં સામાનવેર વિખેર પડયો હતો. પરતુ કાંઈ ચોરી થઈ ન હતી. આ મામલે ડૉ. સુચી પટેલની ફરિયાદને આધારે સ-૭ પોલીસે ઘરફોડના પ્રયાસ અંગે ગુનો નોંધી તપાસ આરંભી છે.

# આવી અદભૂત રેસ દર વર્ષે યોજાવી જોઈએ

## ગાંધીનગરમાં વિષમ માર્ગ આધારિત અનોખી ટ્રેલ રન યોજાઈ : સવાસોથી વધુ દોડવીરોએ ભાગ લીધો : ૨૫થી વધુ મહિલા દોડવીરો જોડાયા

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરના ઈતિહાસમાં સૌ પ્રથમવાર વિષમ માર્ગ પરની અનોખી ટ્રેલ રન યોજાઈ હતી. પુરા ૧૦ કિમી લાંબી આ ટ્રેલ રનમાં સવાસોથી વધુ દોડવીરોએ ભાગ લીધો હતો. જેમાં ૨૫થી વધુ મહિલા દોડવીરોનો પણ સમાવેશ થાય છે. વીઓ-ટુ-એકસ્ટ્રીમ દ્વારા આયોજિત આ ટ્રેલ રનમાં ગાંધીનગરના ઐતિહાસિક વારસા સાથે પ્રાકૃતિક સૌંદર્ય અને સ્વાસ્થ્ય પ્રત્યેની જાગૃતિને પણ આબાદ રીતે વણી લેવાઈ હતી. આ ટ્રેલ રન સાબરમતી નદીના કિનારે સંત સરોવરથી પ્રારંભ કરી ધોળાકુવા સુધી જઈ નદીના સામે છેડેથી ઈન્દ્રોડા થઈ મૂળ સ્થળે પરત ફરી હતી.

નદી, ડુંગરા, ખડકો, કોતરો, રેતી, કાંકરા, કાંટા અને ચઢાણ-ઉતાર સહિતના અત્યંત વિષમ અને ખરબચડાં માર્ગો પર યોજાયેલ આ રોમાચંક ટ્રેલ રનને પ્રથમવાર જ કોઈ પણ પ્રકારની રનમાં ભાગ લઈ રહેલા ગાંધીનગરના મનીષ મીનાએ માત્ર ૫૦:૫૮ મિનિટમાં પુરી કરી જીતી લીધી હતી. આ રેલમાં મહિલા વિભાગમાં મણિનગરની ખુશાલી પુરોહિત વિજેતા બની હતી. આ રેસમાં ૪૦ વર્ષથી ઉપરની કેટેગરીમાં પુરુષોમાં અમિત શાહ તથા મહિલાઓમાં દિવ્યા સિંઘમ વિજેતા બન્યા હતાં.

ટ્રેલ રનમાં ૪૦ વર્ષથી નીચેની કેટેગરીમાં પ્રથમ ક્રમાંકે મનીષ મીના, દ્વિતિય ક્રમાંકે અમિતકુમાર દુબે અને તૃતીય ક્રમાંકે રાજીવ શર્મા વિજેતા બન્યા હતા. આ કેટેગરીમાં મહિલાઓમાં પ્રથમ ક્રમાંકે ખુશાલી પુરોહિત બાદ દ્વિતિય ક્રમાંકે મૌલી તથા તૃતીય ક્રમાંકે ચૈતાલી વિજેતા બન્યા હતા. રેસમાં ૪૦ વર્ષથી ઉપરની કેટેગરીમાં પ્રથમ ક્રમાંકે અમિત શાહ, દ્વિતિય ક્રમાંકે ડૉ. વિશાલ ચોકસી અને તૃતીય ક્રમાંકે ચંદન વિજેતા બન્યા હતા. મહિલાઓમાં આ કેટેગરીમાં પ્રથમ ક્રમાંકે દિવ્યા સિંઘમ બાદ દ્વિતિય ક્રમાંકે સોનિયા જુનેજા અને તૃતીય ક્રમાંકે શશિ સુભાષ વિજેતા બન્યા હતા. તમામ વિજેતાઓને મીસ્ટર ફિટનસ એન્ડ હેલ્થ પ્લસ દ્વારા અનુક્રમે ત્રણ, બે અને એક મહિનાની ફ્રી મેમ્બરશીપના વાઉચર્સથી નવાજવામાં આવ્યા હતા.





'મારી આ બીજી જ રેસ હતી જેમાં હું પહેલીવાર ટ્રેલ રનીંગ કરી રહી હતી. આ રેસ ખૂબ જ પડકારરૂપ અને સામાન્ય કરતા અલગ જ હતી. નદીના પટમાં દોડતી વખતે કાંકરા બુટમાં ભરાઈ જતા હતા. જગંલના રસ્તે કાંટા વાગતા હતા આમ છતાં અમારે દોડવા પર જ ધ્યાન આપવાનું હતું. પથ્થરો પર બેલેન્સ કરીને દોડવું ખુબ અઘરું હતું. એક તબક્કે અમે રસ્તો ભુલીને ગામમાં પહોંચી ગયા હતા પરંતુ પછી પાછા વળી મૂળ રૂટ પર આવી ગયા હતા. ગુજરાતમાં આવી રેસ વધુને વધુ યોજાવી જોઈએ.'

**- ખુશાલી પુરોહિત**
**વિજેતા સ્પર્ધક**

●●●●●

'અત્યંત રોમાંચક એવી આ રેસમાં મને ખુબ મજા પડી. આ એક અદભૂત અનુભવ હતો. ગાંધીનગરનું કુદરતી સૌંદર્ય અપ્રિતમ છે. હું એક માર્કેટીંગ જોબ કરુ છું અને છ માસથી જ મેં દોડવાનું ચાલુ કર્યું છે. આ મારી ત્રીજી રેસ હતી. આયોજન ખૂબ સરસ હતું. હું ઈચ્છું છું કે આવી રેસ વધુ યોજાવી જોઈએ. ગાંધીનગરમાં આ સ્થળે તો દર વર્ષે યોજાય તેવી મારી ઈચ્છા છે.'

**- અમિત શાહ**
**વિજેતા સ્પર્ધક**

## ચિલોડામાં બેટી બચાવો-બેટી પઢાવો અભિયાન અંતર્ગત જાગૃત રેલી



ચિલોડા, તા.૨૨

ચિલોડા સ્થિત ચિલોડા-શિહોલી ગ્રુપ મા. શાળા ખાતે બેટી બચાવો-બેટી પઢાવો અભિયાન અંતર્ગત તાજેતરમાં સેમિનાર, ચિંતન શિબિર, સ્પર્ધા દ્વારા જાગૃતતા કાર્યક્રમ યોજાયો હતો. ત્યારબાદ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા બેટી બચાવો, સ્ત્રી ભૃણ હત્યા, બેટી પઢાવો જનજાગૃતિ અંગે હાથમાં બેનરો સાથે રેલી કાઢવામાં આવી હતી. આ રેલીમાં સમગ્ર શાળા પરીવાર અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

## ચિરવિદાય

● સ્વ. પારેખ શાંતાબેન જીવાભાઈ, ઉ.વ. ૯૦